અપીલ અરજી નં.૫૮ તા.૬–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયા

સામાવાળાઃ–શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ*–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયાની તા.૨૩/૨૯–૪–૦૯ ની અરજીથી આઈ ડી. ક્રમાંક ૨૪૦/૬ અન્વયે તા.૪–૪–૦૯ ના રોજ ઉપશિક્ષક દીપકકુમાર કોસંબીયા પ્રિસાઈડીંગ ઓફિસરની તાલીમમાં જવા છતાં શાળાના આચાર્યશ્રી રમેશભાઈગીરધરભાઈ પરમારે સી.એલ મુકી છે તે કયા નિયમો કે પરિપત્રોના આધારે મુકી તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :– અરજદાર મજકુરની તા.૬–૬–'૦૯ ની અપીલ અરજી નં.૫૮/૨૦૦૯–૧૦

શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયાની તા.૨૩/૨૯–૪–૦૯ ની અરજીથી આઈ ડી. ક્રમાંક ૨૪૦/૬ અન્વયે તા.૪–૪–૦૯ ના રોજ ઉપશિક્ષક દીપકકુમાર કોસંબીયા પ્રિસાઈડીંગ ઓફિસરની તાલીમમાં જવા છતાં શાળાના આચાર્યશ્રી રમેશભાઈગીરધરભાઈ પરમારે સી.એલ મુકી છે તે કયા નિયમો કે પરિપત્રોના આધારે મુકી તેની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાથી એપેલેટ ઓફિસરને તા.૬–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬૨ તા.૧૨–૬–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારની અરજી બાબતે મુળ અરજીથી કોઈ માહિતી માંગેલ હોવાનું સ્પષ્ટ નથી પરંતુ કાર્યવાહી હાથ ધરવાની રજૂઆત કરેલ હોય તેમ જણાય છે. જયારે અપીલમાં આલયદી રજૂઆત છે તેમ છતાં માંગેલ માહિતી સ્પષ્ટ કરી તે અંગેનો નારાજગીનો આધાર અને માહિતીની વિગતની નકલ સહ રજૂ કરવા તથા શું માહિતી માંગેલ છે તે સ્પષ્ટ કરવા અરજદારને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ન.પ્રા.શિ.સ. /આ.નં.૩૩ તા.૧૯–૬–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં પત્ર ક્રમાંક પ્રા.શિ.નિ. / વિદ્યા સહાયક/૦૨/૦૬/૮૨૩ થી ૯૦૬ તા.૧–૧૦–૦૨ નો પરિપત્ર અરજદારને માહિતી મેળવવા માટે ભરપાઈ કરવા જોગ દસ્તાવેજ ફી અંગે પાઠવેલ પત્ર જાવક/નં.૨૧ તા.૧૨–૫–૦૯ ની નકલ તા.૪–૪–૦૯ ના રોજ આચાર્યશ્રી એ સી.એલ મુકી તેની ખુલાસાની વિગત અંગે તા.૧૫–૫–૦૯ ની અરજદારને પાઠવેલ પત્રની નકલ. ન.પ્રા.શિ.સ. શાળા ક્રમાંક નાની બહુચરાજી ટુકી સુરતના આચાર્યની ઉપશિક્ષક શ્રી દિપકભાઈ રતિલાલ કોસંબીયાની હાજરી બાબતની ખુલાસાની વિગતના તા.૨–૫–૦૯ ના પત્રની નકલ, આચાર્યશ્રીએ મ.ચુંટણી અધિકારીને કરેલા ખુલાસાની તા.૧૬–૪–૦૯ ની નકલ, શાળા નં.૧૮૧ નાની બહુચરાજીના હાજરી પત્રકની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ વિગેરે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પત્ર પાઠવી માંગેલ વિગત બાબતે તક આપવા છતાં કોઈ વિગતો પૂરી પડાયેલ નથી.

અરજદારની તા.૨૩/૨૯–૪–૦૯ ની અરજી અરજદારે તા.૨૩–૪–૦૯ ના રોજ કલેકટરશ્રી ચૂંટણી અધિકારીને કરવામાં આવેલ જે ન.પ્રા.શિ.સ. ને આઈ ડી. નં.૨૩૫૪/૦૯ તા.૨૩–૪–૦૯ ના રોજ કલેકટર કચેરી તરફથી શાસનાધિકારી ન.પ્રા.શિ. સ. ગોપીપુરા સંઘડીયાવાડ સુરતને તબદીલ કરવામાં આવેલ. જે ન.પ્રા.શિ. સ. તરફથી તા.૨૯–૪–૦૯ ના રોજ મળેલ છે. જેમાં અરજદારે તા.૪–૪–૦૯ ના રોજ પ્રિસાઈડીંગ ઓફિસરની મીટીંગમાં ઉપશિક્ષક દિપકકુમાર રતિલાલ કોસંબીયા હાજર રહેવા છતાં શાળા નં.૧૮૧ ન.પ્રા.શ.સ. ના સુરત વેડરોડના મુખ્ય આચાર્યશ્રી રમેશભાઈ ગીરધરભાઈ પરમારે પૂર્વગ્રહ રાખીને તે દિવસે દિપકકુમાર રતિલાલ કોસંબીયાની સી.એલ શિક્ષકોની હાજરીમાં છે તે સી. એલ રદ કરવા માટે તેમને કયા નિયમો કે કયા પરિપત્રોને આધારે સી. એલ મુકી તેનો ખુલાસો લેખિતમાં આચાર્ય પાસેથી લેવા બાબતની માહિતીની માંગણી કરવામાં આવેલ છે જે ખરેખર કાર્યવાહી હાથ ધરવાને લગતી જણાય છે.

અરજદારને માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.૨૧ તા.૧૨–૫–૦૯ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ છે તથા તા.૪–૪–૦૯ ના રોજ આચાર્યશ્રીને સી.એલ મુકી તેના ખુલાસાની વિગત અંગે જાવક નં.૨૪ તા.૧૫–૫–૦૯ ના રોજ અરજદારને પત્ર પાઠવી માહિતી મેળવવા જણાવેલ છે જે રસીદ નં.૩૬૧૮તા.૧૫–૫–૦૯ થી રૂ.૧૬/– રોકડા ભરી અરજદારે મળેવેલ છે તે માહિતી અંગે પાઠવેલ પત્રમાં કરાવેલ સહીની નકલ રજૂ કરેલ છે. તેમજ સદર સ્કુલના આચાર્યએ કરેલ શાસનાધિકારી તેમજ મ. ચૂંટણી અધિકારીને કરેલ ખુલાસાની નકલમાં જણાવ્યા મુજબ તા.૪–૪–૦૯ ના રોજ શાળામાં વાર્ષિક પરીક્ષા લેખિત ધો.૫,૬ અને ૭ ની ચાલતી હોય શાળાનો સમય ૭.૩૦ થી ૧૧.૩૦ કલાકનો હતો પણ મજકુર કર્મચારી શાળામાં ફરજ ઉપર હાજર થયા ન હતા જયારે શાળાના અન્ય ૪ શિક્ષક ભાઈઓ પણ પ્ર મુખ અધિકારીની તાલીમના ઓર્ડર હતા તેઓશ્રી ૭.૩૦ કલાકથી શાળામાં ફરજ ઉપર સુચના પ્રમાણે હાજર હતા. ચૂંટણીની તાલીમનો સમય ૧૧ કલાકથી શરૂ થતો હોય શાળામાંથી ૧૦–૧૫ કલાકે તાલીમમાં ભાગ લેવા માટે રજા આપવામાં આવી હતી જેઓ ૧૧.કલાકે શરૂ થતી તાલીમમાં હાજર રહયા હતાં. જયારે મજકુર કર્મચારી તા.૪–૪–૦૯ ના રોજ કોઈ પણ જાતની જાણ કર્યા વગર શાળામાં ફરજ ઉપર હાજર ન

રહેવાથી હાજરીપત્રકમાં ગેરહાજર દર્શાવેલ છે તેવો ખુલાસો કર્યાની નકલ રજૂ કરેલ છે. તથા હાજરી પત્રકની નકલ રજૂ કરેલ છે. જેમાં પણ શાળાનો સમય સવારનો દર્શાવેલ છે. જેમાં મજકુર કર્મચારીની તા.૪–૪–૦૯ ના રોજ ૧–કેજયુઅલ રજા દર્શાવેલ છે. અરજદારને વિદ્યાસહાયકોને આપવામાં આવતી પરચુરણ રજાના વધારા અંગેના રાજય સરકારના તા.૧–૧૦–૦૨ ના પરિપત્રની નકલ પણ પૂરી પાડવામાં આવેલ છે. આ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારની મુળ અરજીથી સ્પષ્ટ કોઈ માહિતી માંગેલ નહીં હોવા છતાં સમગ્ર કેસ બાબતે થયેલ દફતરી કાર્યવાહીની વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ છે જે પારદર્શીતા અને જવાબદારીને ઉત્તેજન આપવા સાથે કાયદાના હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે જાહેર સત્તા મંડળ ના હકારાત્મક પ્રયત્નો સૂચવે છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩/૨૯–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,(ન.પ્રા.શિ.સ.) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રકાંત રતીલાલ કોસંબીયા,